**<u>અમદાવાદ(ગ્રામ્ય)ના મહે. પાંચમા વધારાના જ્યુ.મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં,</u>**
**<u>મુકામ–મીરઝાપુર, અમદાવાદ.</u>**

**<u>ફોજદારી કેસ નં.૧૨૬૭૯/૨૦૧૯</u>**

**૧.** આ કામે આરોપી સામે ધી જુગારધારાની કલમ–૧૨ મુજબનો ચાર્જશીટ રજૂ કરેલ છે.

**૨.** મજકુર કામે આજરોજ આરોપીએ હાજર થઈ કબુલાત પુરસીસ રજૂ કરી પોતાનો ગુનો કબૂલ કરતા હોવાની હકીકત જણાવેલ છે તેમજ તેઓએ રજૂઆત કરેલ છે કે, તેઓ પોતે ગરીબ વર્ગના છે અને કુટુંબની જવાબદારી તેમના શીરે છે કાયદા પ્રત્યે માન છે અજાણતા મજકુર ગુનો થયેલ છે તેનો પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવા કોઈ ગુનાહિત કૃત્ય કરશે નહિ તેવી ખાતરી આપે છે. આરોપીનું નિવેદન લેતાં તેની કબૂલાત સ્વૈચ્છીક હોવાનું તથા તેને કોઈ લાલચ કે પ્રલોભન કોઈએ આપેલ નહી હોવાનું જણાઈ આવે છે. આરોપીને ગુનાની સજાની જોગવાઈઓ બાબતે માહિતગાર કરવામાં આવેલ હોવાછતાં પોતે સ્વૈચ્છિક કબૂલાત કરતો હોવાનું જણાઈ આવતુ હોય હાલની કબૂલાત રેકર્ડ કરવામાં આવે છે. આરોપીની રજૂઆત તેની સામાજિક અને આર્થિક સ્થિતિ અને જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે તે તમામ હકીકતો ધ્યાને લેતાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય હોવાનું જણાય છે અને નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલ ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરીચન્દ ઠાકોરના પ્રકાશિત થયેલ છે તે ધ્યાને લેતાં આરોપીને આવા કિસ્સામાં ન્યૂનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય તેમ હોય આરોપીની કબૂલાતને ધ્યાને લઈ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–:<u>હુકમ</u>:–**

**૧)** આ કામના દરેક આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવી જુગારધારાની કલમ–૧૨ મુજબના ગુન્હામાં રૂા.૫૦×૫ : ૨૫૦/– (અંકે રૂપિયા બસો પચાસ પુરાનો) દંડ કરવાનો અને જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો તે બદલ દિન–૨ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવવામાં આવે છે.

**૨)** આ કામે વેલ્યુબલ મુદ્દામાલ અંગે જો કોઈ હુકમ અગાઉ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ કરવામાં આવે છે અને જો ના થયેલ હોય તો તે બાબતે માલિકીપણાની ખાતરી કરી તેના અસલ માલિકને પરત કરવો તેમજ રોકડ નાણા સરકાર ખાતે ખાલસા કરવામાં આવે છે. તેમજ બાકીનો મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા:૦૮ મી, માહે: ફેબ્રુઆરી, સને: ૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.અમદાવાદ(ગ્રામ્ય)
તા. ૦૮–૦૨–૨૦૨૦

**( ડી.વાય. પટેલ )**
પાંચમાં વધારાના જયુડી મેજી.ફ.ક.
મીરઝાપુર, અમદાવાદ (ગ્રામ્ય).

એસ.પી.રાજપુત(પી.એ.)